Presented on : 08-01-2026
Registered on : 08-01-2026
Decided on : 05-05-2026
Duration : 0 y, 3 m, 28 d.

GJKH120000082026

**આંક:–**

**(૧) ફોર્મ – એ**

| |
|---|
| **ડાકોરના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,**<br>**શ્રી નરેન્દ્ર કુમાર જોષી,**<br>જજમેન્ટની તારીખ : ૦૫/૦૫/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૦૪/૨૦૨૬<br>ડાકોર પો.સ્ટે.પાર્ટ.એ.ગુન્હા રજી.નં.૧૧૨૦૪૦૨૧૨૫૦૦૭૩/૨૦૨૫ |
| **ફરીયાદી :** સરકારશ્રી, |
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.**શ્રી એમ.એમ.ઝાલા |
| **આરોપી :** શંકરભાઈ રઈજીભાઈ વાઘેલા,<br>ઉ.વ.૫૧,ધંધો.ખેતી,<br>રહે. રામપુરા તાબે એરરા,વડવાળુ ફળીયું,<br>તા.નડીયાદ,જી.ખેડા. |
| **આરોપીપક્ષે વિ.વ.શ્રી** એમ.જી.મલેક. |

**(૨) ફોર્મ : બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | 14–02–2025 |
| એફ.આઈ.આર.ની તારીખ : | 19–02–2025 |
| ચાર્જશીટની તારીખ : | 08–01–2026 |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | 09–02–2026 |

| | |
|---|---|
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | 08–04–2026 |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | 05–05–2026 |
| જજમેન્ટની તારીખ : | 05–05–2026 |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | – |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી/ નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર.પી.સી.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શંકરભાઈ રઈજીભાઈ વાઘેલા, | – | – | બી.એન.એસ.કલમ–૨૮૧,૧૨૫ (એ), ૧૨૫ (બી), તથા એમ.વી. એકટ. કલમ ૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ | – | – |

## (૩) ફોર્મ : સી

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત :

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | રંગીતભાઈ રાયસીંગભાઈ પરમાર | ફરી. (આંક–૪) |
| PW-2 | પંકજભાઈ શંકરભાઈ વાઘેલા | સાહેદ (આંક–૬) |

**B : બચાવપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| DW-1 | નીલ | નીલ |

**C : કોર્ટ સાક્ષી**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | નીલ | નીલ |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત :**

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | આંક–P05/PW1 | ફરીયાદ |
| 2 | આંક–P07/PW- | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| 3 | આંક–P08/PW- | રંગીતભાઈ રાયસીંગભાઈ પરમારનુ મેડી. સર્ટી. |
| 4 | આંક–P09/PW- | પંકજભાઈ શંકરભાઈ વાઘેલાનું મેડીકલ સર્ટીફીકેટ |
| 5 | આંક–P10/PW | કલોઝીંગ પુરસીસ |

**B : બચાવપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**C : કોર્ટ દસ્તાવેજ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**–: ઠ રા વ :–**

(૪) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૦૨/૨૫ કલાક. ૧૯:૪૫ વાગ્યા

ના સુમારે મોજે. લક્ષ્મીપુરા, ખીજલપુર હેરંજ રોડ ઉપર રતનપુરા જવાના રોડના નાકા પાસે કોલમ નં.૧માં જણાવેલ આરોપીએ મો.સા.નંબર. GJ. 07. ES.6669 ના ચાલક શંકરભાઈ રયજીભાઈ વાઘેલા નાઓએ પોતાના કબજા ભોગવટાની મો.સા.નં.GJ.07.ES.6669 ની પાછળ સાહેદ પંકજ ભાઈ ને બેસાડી બેફિકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી ચાલતા જતા આ કામના ફરીયાદી રંગીતભાઈને પાછળથી ટકકર મારી એકસીડન્ટ કરતા ફરીયાદી ઉછળીને રોડ ઉપર પડતા ફરી.ને શરીરે ડાબા હાથે ફ્રેકચર ની ગં ભીર ઈજાઓ પહોંચાડી તેમજ આરોપી તથા સાહેદ પંકજભાઈ નાઓ રોડ ઉપર પડતા બાઈક પાછળ બેઠેલ સાહેદ પંકજભાઈને જમણા હાથના ખભાના ભાગે ફ્રેકચર તથા કાંડાના ભાગે ફ્રેકચર તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી ગુનો કર્યો, ઉપરોકત હકીકતે ફરીયાદીએ ડાકોર પો.સ્ટે ફરીયાદ નોંધાવતા તે આધારે ડાકોર પો.સ્ટે.પાર્ટ.એ.ગુન્હા.રજી.નં.૧૧૨૦૪૦૨૧ ૨૫૦૦૭૩/૨૦૨૫ થી ગુન્હો રજીસ્ટર થયા બાદ આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુઘ્ઘ અત્રેની અદાલતમાં બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫ (એ), ૧૨૫(બી), તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧ ૮૪ મુજબ ના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલુ છે.

(૫) આ કામે આરોપીને સમન્સ બજતા હાજર થતાં તેમને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ ગુન્હાં સબંધી **આંક–૦૩** થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે જેમાં આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ શરુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આરોપીનું ક્ર

ી.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવા ન જણાય આવતા વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તેમજ આરોપીના વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી. તેમજ આ કામે કોઈપણ પક્ષ દ્રારા લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ નથી તથા આ કામનો પુરાવો તથા રેકર્ડ વંચાણે લીધુ.

(૮) આમ, આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુ દ્દા ઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૧૪/૦૨/૨૫, કલાક.૧૯:૪૫ વાગ્યા ના સુમારે મોજે. લક્ષ્મીપુરા, ખીજલપુર હેરંજ રોડ ઉપર રતનપુરા જવાના રોડના નાકા પાસે કોલમ નં.૧માં જણાવેલ આરોપીએ મો.સા.નંબર. GJ.07. ES.6669 ના ચાલક શંકરભાઈ રયજીભાઈ વાઘેલા નાઓએ પોતાના કબજા ભોગવટાની મો.સા.નં. GJ.07.ES.6669 ની પાછળ સાહેદ પંકજભાઇને બેસાડી બેફિકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી ચાલતા જતા આ કામના ફરીયાદી રંગીતભાઈ ને પાછળથી ટકકર મારી એકસીડન્ટ કરતા ફરીયાદી ઉછળીને રોડ ઉપર પડતા ફરી. ને શરીરે ડાબા હાથે ફ્રેકચરની ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ આરોપી તથા સાહેદ પંકજભાઈ નાઓ રોડ ઉપર પડતા બાઈક પાછળ બેઠેલ સાહેદ પંકજભાઈને જમણા હાથના ખભાના ભાગે ફ્રેકચર તથા કાંડાના ભાગે ફ્રેકચર તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી,

બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), તથા એમ. વી.એકટ કલમ –૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબર:–૧ નકારમાં

મુદ્દા નંબર:–૨ આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોઈએ તો ફરીયાદી રંગીત ભાઈ રાયસીંગ ભાઈ પરમારને **આંક–૦૪** થી તપાસવામાં આવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, બનાવ તારીખ ૧૪/૦૨/૨૦૨૫ ના રોજ હુ ખીજલપુર ગામમાં દુધની ડેરીએથી દુધ લઈને ખીજલપુરથી હેરંજ વાળા રોડ ઉપર અમારા ઘરે લક્ષ્મીપુરા જતો હતો તે વખતે રતનપુરા વાળા નાકા પાસે પહોચતા પાછળથી એક બાઈક વાળાએ તેની બાઈક મને પાછળથી અથડાવી એક્સિડન્ટ કરતા હુ ઉછળીને રોડ ઉપર પડેલ જેથી મને ઈજાઓ થયેલ ત્યારબાદ મારો ભત્રીજો અલ્પેશભાઈ મને તથા બાઈક વાળાને પ્રાઈવેટ વાહનમાં સારવાર માટે ઉમરેઠ સત્વ હોસ્પિટલમાં લાવી દાખલ કરેલ અને અમોએ ફરીયાદ નોંધાવેલ જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે જેમા તેમની સહી છે જે ઓળખી બતાવેલ છે.જે આંક–૦૫ થી રજુ છે. વાહનની ગતિ કેવી હતી તેની મને ખબર નથી. જે વાહનનો નંબર શુ હતો તેની મને ખબર નથી. આ કામના આરોપીને જોયે ઓળખી શકુ નહી. સદર સાહેદ ફરીયાદની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષે સાહેદની થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવવાળા રસ્તા ઉપર ઘણા બધા વાહનોની અવર જવર થતી હોય છે. એ વાત ખરી છે કે બનાવવાળો રસ્તો સીંગલપટ્ટી રસ્તો છે અને સદરહુ રસ્તો તુટેલો રસ્તો છે. એ વાત ખરી છે કે સદરહુ બનાવ તારીખ ૧૪/૦૨/૨૦૨૫ ના રોજ બનેલો અને જેની ફરીયાદ અમોએ તારીખ ૧૯/૦૨/૨૦૨૫ ના રોજ આપેલ. એ વાત ખરી છે કે લેટ ફરીયાદ આપવાનો ખુલાસો મે મારી ફરીયાદમાં કરેલ નથી. એ વાત ખરી છે કે વાહન કોણ ચલાવતુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે સદરહુ અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાહનનો નંબર શુ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે વાહન ચાલક કોણ હતો તેની મને આજદીન સુધી મને કોઈ જાત માહિતી નથી.

આ ફરીયાદીની જુબાનીનુ મુલ્યાંકન કરતા ફરીયાદીએ વાહનનો નંબર શુ હતો, વાહન ચાલકનુ નામ જણાવેલ નથી તેમજ આરોપીને ઓળખી બતાવેલ નથી. તેમજ બચાવ પક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે લેટ ફરીયાદ આપવાનો ખુલાસો મે મારી ફરીયાદમાં કરેલ નથી. એ વાત ખરી છે કે વાહન કોણ ચલાવતુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે સદરહુ અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાહનનો નંબર શુ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે વાહન ચાલક કોણ હતો તેની મને આજદીન સુધી મને કોઇ જાત માહિતી નથી. જેથી આ કામના આરોપીની બેદરકારીને લીધે અકસ્માત થયેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ હાલનો બનાવ આ કામના આરોપી ની બેદરકારીથી બનેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોઈએ તો સાહેદ પંકજભાઈ શંકર ભાઈ વાઘેલાને આંક-૦૯ થી તપાસવામાં આવેલ

છે અને તેઓએ જણાવેલ છે કે, બનાવ તારીખ ૧૪/૦૨/૨૦૨૫ ના રોજ હુ તથા મારા પિતા અમારી મોટરસાઈકલ લઈને મારી સાસરીમાં સામરખા મુકામે ગયેલા ત્યાથી પરત આવતા હતા ત્યારે ખીજલપુર થઈ હેરંજ વાળા રોડેથી અલીણા બાજુ જતા હતા અને આશરે પોણા આઠ એક વાગ્યાના સુમારે સામેથી કોઈ ગાડી આવતા ગાડીના લાઈટથી મારા પિતાજી અંજવાઈ જતા મારી બાઈક ચાલતા જતા એક ભાઈને પાછળથી અથડાતા તે ભાઈ રોડ ઉપર પડેલ અને હુ અને મારા પિતાજી પણ પડેલા જેથી મને શરીરે ઈજાઓ થયેલી ત્યારબાદ અમોને નજીકમાથી માણસો આવી જતા ઉમરેઠ સત્વ હોસ્પિટલમા લઈ ગયેલ ત્યારબાદ ચાલતા જતા ભાઈએ મારા પિતા વિરૂદ્ધ ફરીયાદ નોંધાવેલી. વાહનની ગતિ ધીમી હતી. જે વાહનનો નંબર શુ હતો તેની મને ખબર નથી. આ કામના આરોપીને જોયે ઓળખુ છુ. સદર સાહેદ ફરીયાદની વિગત હકીકતને સમર્થન કરતા ના હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદની થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષ ને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવવાળા રસ્તા ઉપર ઘણા બધા વાહનોની અવર જવર થતી હોય છે. એ વાત ખરી છે કે બનાવવાળો રસ્તો સીંગલપટ્ટી રસ્તો છે અને સદરહુ રસ્તો તુટેલો રસ્તો છે. એ વાત ખરી છે કે સદરહુ અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાહનનો નંબર શુ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે સદરહુ બનાવ રાત્રિના સમયે બનેલો. એ વાત ખરી છે કે અચાનક લાઈટનુ પ્રકાશ પડવાથી બનાવ બનેલો. એ વાત ખરી છે કે વાહનની ગતિ સામાન્ય હતી.

આ સાહેદની જુબાનીનુ મુલ્યાંકન કરતા સાહેદએ વાહનનો નંબર શુ હતો, વાહન ચાલકનુ નામ જણાવેલ નથી તેમજ બચાવ પક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા

કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, બનાવવાળા રસ્તા ઉપર ઘણા બધા વાહનોની અવર જવર થતી હોય છે. એ વાત ખરી છે કે બનાવવાળો રસ્તો સીંગલપટ્ટી રસ્તો છે અને સદરહુ રસ્તો તુટેલો રસ્તો છે. એ વાત ખરી છે કે સદરહુ અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે વાહનનો નંબર શુ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે સદરહુ બનાવ રાત્રિના સમયે બનેલો. એ વાત ખરી છે કે અચાનક લાઈટનુ પ્રકાશ પડવાથી બનાવ બનેલો. એ વાત ખરી છે કે વાહનની ગતિ સામાન્ય હતી જેથી આ કામના આરોપીની બેદરકારીને લીધે અકસ્માત થયેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ હાલનો બનાવ આ કામના આરોપી ની બેદરકારીથી બનેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી.

**(૧૨)** ઉપરોકત ફરીયાદ હકીકતે રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમજ મેડીકલ પ્રમાણપત્રને આંકે પાડવા સામે બચાવપક્ષને વાંધો ન હોવા માત્રથી ફરીયાદ હકીકત પુરવાર માની શકાય તેમ નથી. વધુમાં આ કામના ફરીયાદીએ **આંક–૧૦** થી પુરસીસ આપી આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

નામદાર સુપ્રિમ કોર્ટના Madan Mohan Abbot Vs. State of punjab [ AIR 2008 SC 1969] ના ચુકાદામાં પેરા–૫ માં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, We need to emphasize that it is perhaps advisable that in disputes where the question involved is of a purely personal nature, the Court should ordinarily accept the terms of the compromise even in criminal proceedings as Keeping the matter alive With no possibility of a result in favour of the prosecution is a luxury which the Courts, grossly overburdened as they are, cannot afford and that the time so saved can be utilized in deciding more effective and meaningful litigation. This is a common sense approach to the matter

based on ground of the technicalities of the law. જયારે તકરારી વિષય સં પૂર્ણપણે વ્યકિતગત હોય ત્યારે જો પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય ત્યારે અદાલતે સામાન્ય સંજોગોમાં સમાધાન ધ્યાને લેવું જોઈએ તથા જયારે કેસમાં ફરીયાદપક્ષની તરફેણમાં ચુકાદો આવવાની કોઈ જ શકયતા ન હોય અને જયારે અદાલતોમાં થયેલ કેસોના ભરાવાને ધ્યાને લઈએ તો અદાલતે આવા કેસો ચાલુ રાખવા યોગ્ય નથી અને અદાલતે આ બચેલ સમય બીજા અસરકારક અને યોગ્ય તકરારી કેસોમાં આપવો જોઈએ. આમ, આ ચુકાદાને ધ્યાને રાખીને પણ જયારે સદરહુ કેસમાં આરોપી અને ફરીયાદી વચ્ચે સમાધાન થયેલ છે ત્યારે અને ફરીયાદી ફરીયાદપક્ષને કોઈ મદદરૂપ જુબાની આપતા ન હોવાથી અન્ય કોઈ સાહેદોને તપાસવા જરૂરી લાગેલ નથી. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે 'Satish mehra vs. Delhi Administration' (1996 JCC 507), ના ચુકાદામાં ઠરાવેલ છે કે, It was held by the Hon'ble Supreme court of India that' when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding of trial, only for the purpose of formally completing the prouncement of the conclusion on a future date if the case ends with acquittal after examine the witness it is better to drop the other witnesses it gains a lot of time of the court and save much human effect and cost and also provide the speedy remedy. આમ, ઉપરોકત નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખીને પણ જયારે કેસમાં આરોપીને સજા થવાની કોઈ શકયતાઓ જ રહેલ નથી તેવા સં જોગોમા માત્ર પ્રોસીજર પુરી કરવા સારૂ ટ્રાયલ પુરી કરવી જરૂરી નથી.

(૧૩) હાલ હાથ પરના કેસમાં રજુ પુરાવા ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદને થયેલ ઈજા આરોપીની બેદરકારી અને બેફીકરાઈવાળા વર્તનના

કારણે થયેલ છે તે બાબતે ફરીયાદી તથા સાહેદની જુબાનીમાં કોઈ હકીકત જણાઈ આવતી ન હોય, તે સંજોગોમાં જયારે આરોપીની બેદરકારીના કારણે જ અકસ્માત બનેલ છે અથવા અકસ્માત બનવામાં કોઈપણ રીતે આરોપીની ભાગીદારી છે અને તે કાયદા મુજબ ગુના લગત જરૂરી તત્વોની સાબિતી માટે જરૂરી છે તેવી હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર સાબિત કરવામાં અસફળ રહેલ હોય ત્યારે ઉપરોકત કરેલ ચર્ચા સબબ ફરિયાદ પક્ષ આરોપી વિરૂઘ્ઘનું તહોમત શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.(૧) નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.(૨) લગત આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**–: <u>આ ખ રી હુ ક મ</u> :–**

- આ કામના આરોપી શંકરભાઈ રઈજીભાઈ વાઘેલા,ઉ.વ.૫૧, ધંધો. ખેતી, રહે. રામપુરા તાબે એરરા,વડવાળુ ફળીયું, તા.નડીયાદ, જી.ખેડા નાઓને બી.એન.એસ.કલમ–૨૮૧,૧૨૫(એ), ૧૨૫(બી), તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધી કાયમી કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ–૦૫'મી માહે.મે, સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫/૦૫/૨૦૨૬

**સ્થળ:**ડાકોર

//સ્ટેનો.એસ.વી.બારીઆ//

**(નરેન્દ્ર કુમાર જોષી)**
જયુડી.મેજી.ફ.ક.,ડાકોર.
(GJ01454)

**(નરેન્દ્ર કુમાર જોષી)**
**UIC No.01454**